
# મારું હૃદય

વર્ષ-૮, અંક-૯૧, ૧૫ જુલાઈ, ૨૦૧૭

CIMS®
Care Institute of Medical Sciences



Price ₹ 5/-

### કાર્ડિયોલોજીસ્ટ
ડૉ. સત્ય ગુપ્તા +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦
ડૉ. વિનીત સાંખલા +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬
ડૉ. વિપુલ કપૂર +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮
ડૉ. તેજસ વી. પટેલ +૯૧-૮૯૪૦૩ ૦૫૧૩૦
ડૉ. ગુણવંત પટેલ +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬
ડૉ. કેયૂર પરીખ +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯
ડૉ. મિલન ચગ +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
ડૉ. ઉર્મિલ શાહ +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯
ડૉ. હેમાંગ બક્ષી +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧
ડૉ. અનિશ ચંદ્રારાણા +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨
ડૉ. અજય નાઇક +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬

### કાર્ડિયાક સર્જન
ડૉ. મનન દેસાઈ +૯૧-૯૬૩૮૫ ૯૬૬૬૯
ડૉ. ધીરેન શાહ +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩
ડૉ. ધવલ નાયક +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩

### પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન
ડૉ. શૌનક શાહ +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨

### કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન
ડૉ. પ્રણવ મોદી +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦

### કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ
ડૉ. ચિંતન શેઠ +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪
ડૉ. નિરેન ભાવસાર +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭
ડૉ. હિરેન ધોળકિયા +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮

### પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ
ડૉ. કશ્યપ શેઠ +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮
ડૉ. દિવ્યેશ સાદડીવાળા +૯૧-૮૨૩૮૩ ૩૯૯૮૦
ડૉ. મિલન ચગ +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭

### નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ
ડૉ. અમિત ચિતલીયા +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦
ડૉ. સ્નેહલ પટેલ +૯૧-૯૯૯૮૧૪૯૭૯૪

### કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ
ડૉ. અજય નાઇક +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬
ડૉ. વિનીત સાંખલા +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬


## હૃદયની સામાન્ય માહિતી

વિશ્વના તમામ લોકો કરતાં ભારતીયો હૃદયરોગના શિકાર જલદી બને છે. ઝડપી શહેરીકરણ, તણાવયુક્ત જીવનશૈલી, તમાકુનો વ્યાપક ઉપયોગ, આહારમાં ચરબીવાળા પદાર્થોનું ઊંચું પ્રમાણ, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને આરામદાયક જીવનશૈલી જેવાં વિવિધ કારણોસર ભારતીયોમાં હૃદયરોગના પ્રમાણમાં વધારો થયો છે. હૃદયરોગ હવે ઓછી ઉંમરના લોકો પર પણ ત્રાટકી રહ્યો છે. હાલમાં ૧૦ કરોડથી પણ વધુ ભારતીયો હૃદયની ધમનીના રોગથી પીડાય છે. એક અંદાજ મુજબ ૨૦૨૦ની સાલ સુધીમાં વિશ્વના તમામ હૃદયરોગીઓમાં અડધોઅડધ ભારતના હશે, તથા ભારતમાં મૃત્યુનું મુખ્ય કારણ હશે હૃદયરોગનો હુમલો. ખરેખર, હૃદયરોગ વિશે જાણવાનો સમય પાકી ગયો હોય એમ નથી લાગતું?

## ઈલેક્ટ્રિક પમ્પ

હૃદયને પરમકૃપાળુ પરમાત્માનો ચમત્કાર કહી શકાય. મુઠ્ઠીના કદનો આ અવયવ જીવનભર આપણા આખા શરીરમાં લોહી પહોંચાડતો રહે છે. આ લોહી દ્વારા જ શરીરમાં બધે ઑક્સિજન (પ્રાણવાયુ) અને પોષક તત્ત્વો પહોંચે છે તથા લોહી દ્વારા જ શરીરના કચરાનો

**હૃદયના સ્નાયુઓ શરીરના અન્ય સ્નાયુઓથી અલગ હોય છે.**



માનવ હૃદય

અને કાર્બન ડાયૉક્સાઇડ (અંગારવાયુ)નો નિકાલ થાય છે. આપણે આપણા હૃદયની ઉત્તમ કામગીરીની હંમેશાં ઉપેક્ષા જ કરીએ છીએ. હા, બીમાર પડીએ તો તરત જ ડૉક્ટર પાસે દોડી જઈએ છીએ પણ ત્યારે કદાચ બહુ મોડું થઈ ગયું હોય છે.

હૃદય પાસે તેનું પોતાનું ઇલેક્ટ્રિકલ જનરેટર છે, જે હૃદયને નિયમિત સમયાંતરે દર મિનિટે ૬૦ થી ૮૦ વખત ધબકાવે છે.



JCI (USA) NABH NABL ACC GreenOT

## હૃદયની રચના અને તેના ખંડો

હૃદયની તુલના એક ચાર રૂમના ફ્લૅટ સાથે કરી શકાય, કારણકે હૃદયની અંદર પણ ચાર ખંડો હોય છે. જેમ ફ્લૅટના રૂમોની વચ્ચે અવરજવર માટે દરવાજા હોય છે તેમ હૃદયના ખંડોની વચ્ચે વાલ્વ તરીકે ઓળખાતા પડદા હોય છે. લોહીની અવરજવર વખતે એમની ઉઘાડવાસ થતી રહે છે.


ફ્લૅટમાં આપણે ગમે તે રૂમમાંથી ગમે તે રૂમમાં જઈ શકીએ છીએ, પણ હૃદયની અંદર ફરતું લોહી અમુક ખંડમાંથી અમુક ખંડોમાં અમુક દિશામાં જ જઈ શકે. લોહી ખોટા ખંડોમાં અથવા ઊંધી દિશામાં જાય તો તે બીમારીનું લક્ષણ કહેવાય.

## ચક ચાલતું જ રહે છે

હૃદયના ચાર ખંડો પૈકી બે કર્ણક હોય છે અને બે ક્ષેપક હોય છે. કર્ણકો શરીર તેમજ ફેફસામાંથી લોહી સ્વીકારે છે અને આ લોહીને ક્ષેપકોમાં ધકેલે છે. ક્ષેપકો એ લોહીને પાછું આખા શરીરમાં તેમજ ફેફસામાં મોકલે છે. એ રીતે કર્ણકો અને ક્ષેપકો પંપનું કામ કરી લોહી ફરતું રાખે છે.

જો ક્ષેપકો ઉપર વધુ બોજ પડે તો હૃદય ધીમે ધીમે નબળું પડી જાય છે.

વિશાળ મહાધમની (એઓર્ટા) અને ફેફસાની ધમનીઓ – (પલ્મોનરી આર્ટરી)માં લોહીને ધકેલવા માટે ક્ષેપકો સંકોચાય છે. પડદા(વાલ્વ)ની ઉઘાડવાસને કારણે લોહીનો પ્રવાહ યોગ્ય દિશામાં જળવાઈ રહે છે. જમણા કર્ણક અને જમણા ક્ષેપક વચ્ચે ટ્રાયકસ્પીડ વાલ્વ હોય છે અને ડાબા કર્ણક અને ક્ષેપક વચ્ચે માઇટ્રલ વાલ્વ હોય છે.




માનવ હૃદયનું છેદ દૃશ્ય

લોહી કાયમ કર્ણકોમાંથી ક્ષેપકોમાં જાય. ધારો કે એ ઊંધી દિશામાં જાય તો એ બીમારીનું લક્ષણ કહેવાય.

માઇટ્રલ અને ટ્રાયકસ્પીડ વાલ્વ સિવાય મહાધમની અને ફેફસાની ધમનીના મૂળમાં પણ વાલ્વ હોય છે. એને એઓર્ટિક વાલ્વ (મહા ધમનીના મૂળમાં) અને પલ્મોનરી વાલ્વ (ફેફસાની ધમનીના મૂળમાં) કહેવાય છે.

આવી રીતે હૃદયમાં કુલ ચાર વાલ્વ હોય છે. આમાંથી કોઈ પણ વાલ્વમાં રોગ થવાથી હૃદયની કાર્યક્ષમતા ઘટી જાય છે અને બીમારીને નોતરે છે.

**હૃદયના સ્નાયુઓ જીવનપર્યંત કદી કામ કરતાં બંધ થતા નથી. ફક્ત 'ઑન પમ્પ બાયપાસ' ઑપરેશન વખતે હૃદયને બંધ કરવામાં આવે છે.**

## લોહી પાછું કેવી રીતે આવે?

શિરાઓ દ્વારા લોહી પાછું હૃદય સુધી પહોંચે છે. ઝરણાં ભેગાં મળીને નદી બને એમ નાની શિરાઓ ભેગી મળીને મોટી શિરાઓ બનાવે છે, અને તે ફરી ભેગી મળીને સૌથી મોટી બે શિરાઓ – ઊર્ધ્વ મહાશિરા (સુપેરીઅર વેના કેવા) અને અધો મહાશિરા (ઇનફીરીઅર વેના કેવા) બનાવે છે. આ સૌથી મોટી બે શિરાઓ વડે લોહી પાછું હૃદયના જમણા કર્ણકમાં પહોંચે છે. આ લોહીમાં ઑક્સિજન ઓછું હોય છે.

મારાં એક ખૂબ ઉંમરલાયક કાકી મારાં બાળકો સાથે એક દિવસ મારી હૉસ્પિટલ જોવા આવ્યાં હતાં. તે બહુ ભણ્યાં ન હતાં પણ વ્યવહારમાં ચતુર હતાં.

હું દર્દી તપાસતો હતો ત્યારે તે જ ઑફિસમાં અમારી હૉસ્પિટલના સર્જન આવ્યા. તે દર્દીને જોઈને તરત જ ઑપરેશન કરવા જવાના હતા એટલે માસ્ક પહેરીને આવ્યા હતા. તેમણે દર્દીને તપાસી, ઑપરેશનની સલાહ આપી, ઑપરેશનની ફી કહી અને રવાના થયા.

રાત્રે કાકી ઘરે આવીને મારાં બાળકોને હૉસ્પિટલ વિશે સમજાવી રહ્યાં હતાં.

**"પણ દાદી, પેલા ડૉક્ટરે માસ્ક કેમ પહેર્યું હતું?"** મારી દીકરીએ પૂછ્યું.

**"એ ફી એટલી બધી માંગતા હતા કે એમને દર્દીને મોઢું બતાવવાતા શરમ આવતી હતી, એટલે એ માસ્ક પહેરે."** કાકીએ સમજાવ્યું.


JCI (USA) NABH ACC GreenOT

એને ઑક્સિજનયુક્ત કરાવવા તે લોહી જમણા કર્ણકથી જમણા ક્ષેપકમાં ધકેલવામાં આવે છે અને ત્યાંથી તે ફેફસાની ધમની વાટે ફેફસામાં ઑક્સિજનયુક્ત બનવા જાય છે.

લોહી ઑક્સિજનયુક્ત થયા બાદ ડાબા કર્ણકમાં આવે છે, ત્યાંથી માઇટ્રલ વાલ્વમાંથી પસાર થઈને ડાબા ક્ષેપકમાં પહોંચે છે અને ડાબા ક્ષેપકના શક્તિશાળી સંકોચનના કારણે મહાધમનીમાં ધકેલાઈ જાય છે. બંને કર્ણકો વચ્ચે અને બંને ક્ષેપકો વચ્ચે રહેલી દીવાલ ઑક્સિજન વગરના અને ઑક્સિજનયુક્ત લોહીને અલગ રાખે છે. આ દીવાલોની અંદરની કોઈપણ ખામી અથવા દીવાલોમાં કાણાના કારણે આ બે જાતનાં લોહી ભેગા થઈ જાય છે તો બીમારી સર્જાય છે. આ પ્રકારની ખામીઓ સામાન્ય રીતે જન્મજાત હોય છે, અને શસ્ત્રક્રિયાથી અથવા આંતરિક હસ્તક્ષેપવાળી (ઇન્ટરવૅન્શનલ) વિના શસ્ત્રક્રિયાની સારવારથી તેને સુધારી શકાય છે.

### હૃદયનો લોહીનો પુરવઠો

એક રીતે જોતાં, હૃદયને તમે એક સેવાભાવી સંસ્થા સાથે સરખાવી શકો છો જે પોતે નિરંતર નિઃસ્વાર્થ ભાવે અન્ય અંગોની સેવા કર્યા કરે છે. જ્યારે હૃદયને લોહી પહોંચાડતી ધમનીઓ સાંકડી થાય ત્યારે હૃદયને પૂરતું લોહી મળતું નથી. આને હૃદયની ધમનીનો રોગ (Coronary Artery Disease) કહેવાય.

**તંદુરસ્ત હૃદય દર મિનિટે ૫ થી ૬ લિટર જેટલું લોહી સમગ્ર શરીરમાં ધકેલે છે. ભારે કસરત કર્યા બાદ હૃદય દર મિનિટે વધુમાં વધુ ૧૫ થી ૨૦ લિટર લોહી પંપ કરી શકે.**

હૃદયને લોહી પહોંચાડતી રક્તવાહિનીઓ સાંકડી થવાથી 'ઍન્જાઇના' (છાતીનાં દુઃખાવો)'થાય છે, જ્યારે એમાં સંપૂર્ણપણે અવરોધ આવી જવાથી હૃદયરોગનો હુમલો આવે છે, જેને આપણે 'હાર્ટ ઍટૅક' તરીકે ઓળખીએ છીએ.

હવે આપણે જુદા-જુદા હૃદયરોગ, તેનાં કારણો અને સારવાર વિષે વીગતે જોઈશું.

**સૌજન્ય** *'હૃદયની વાત દિલથી' - લેખક : ડૉ. કેયૂર પરીખ*

CIMS

**સીમ્સ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા આયોજિત**

## સર્વ રોગ નિદાન કેમ્પ

| તારીખ | સમય | સ્થળ |
|---|---|---|
| ૩૦-૭-૨૦૧૭ ને રવિવાર | સવારે ૯:૩૦ થી ૧:૦૦ વાગ્યા સુધી | વલસાડ શહેર |

**આ કેમ્પમાં કોઈપણ ઉંમરના વ્યકિતઓ ભાગ લઇ શકશે**

<u>આ કેમ્પમાં નીચે મુજબના ડોકટરો હાજર રહેશે.</u>

- ડો. ધવલ નાયક (હૃદયની સર્જરીના વિશેષજ્ઞ)
- ડો. તેજશ પટેલ (હૃદયરોગના વિશેષજ્ઞ)
- ડો. તરંગ પટેલ (કેન્સર રોગના વિશેષજ્ઞ)
- ડો. પ્રણવ શાહ (હાડકાના રોગોના વિશેષજ્ઞ)
- ડો. દિવ્યેશ સદાડીવાલા (બાળ હૃદયરોગના વિશેષજ્ઞ)
- ડો. ટી. કે. બી. ગણપથી (મગજ અને મણકાના રોગોના વિસેષજ્ઞ)
- ડો. વિવેક પટેલ (એન્ડોક્રાઇનોલોજીસ્ટ)

કેમ્પને લગતી માહિતી માટે સંપર્ક કરો
રીકીન શાહ (મો) ૭૦૬૯૦ ૩૩૫૯૬

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices


CIMS

## સીમ્સ હોસ્પિટલમાં કાર્ડીયોલોજી / કાર્ડીયાક સર્જરી વિભાગ દ્વારા આયોજિત

### એઓર્ટીક સ્ટેનોસીસ પર વર્કશોપ

### TAVR/TAVI (ટ્રાન્સકેથેટર આઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ)

**ડૉ. ગેઝા ફોન્ટોસ (હંગેરી)**
હંગેરી ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી



**તા. ૫ ઓગસ્ટ, ૨૦૧૭ને શુક્રવારે**

નિ:શુલ્ક કન્સલટેશન દરરોજ સવારે ૯ થી ૫ (સોમવારથી શુક્રવાર)

જે લોકો હૃદયના વાલ્વની (ખાસ કરીને એઓર્ટિક વાલ્વ) ગંભીર બીમારીથી પીડાતા હોય તેવા દર્દીની નિ:શુલ્ક તપાસ કરવામાં આવશે.


*જે તે સ્પેશ્યાલીટીની ટીમમાંથી હાજર હશે તે ડૉક્ટર એ દિવસે તપાસશે.

**એપોઈન્ટમેન્ટ માટે ફોન : +91-79-3010 1008**

CIMS

## સીમ્સ ઓબેસિટી

**ઓબેસિટીના ભારને ઊંચકો નહિ.....**
**એના પર જરૂરી પગલાં લો.....**



અદ્યતન પદ્ધતિથી અને ખાતરીપૂર્વક વજન ઉતારવા, ડાયાબિટીસની ચિકિત્સા અને બ્લડ પ્રેશર અંગે વધારે જાણકારી મેળવવા અમને મળો

### બેરિએટ્રિક સર્જરી

બેરિએટ્રિક (ઓબેસિટી) સર્જરી સીમ્સમાં ઉપલબ્ધ છે

- સ્લિવ ગેસ્ટ્રેકટમી
- મિની ગેસ્ટ્રિક બાયપાસ
- ગેસ્ટ્રિક બાયપાસ
- ગેસ્ટ્રિક બેન્ડીંગ

**એપોઈન્ટમેન્ટ માટે ફોન : +91-79-3010 1008 | ઈમેલ : opd.rec@cimshospital.org**

## સીમ્સ હોસ્પિટલની મેડિકલ ટીમમાં સમાવિષ્ટ નવા ડોક્ટર



**ડૉ. મનીષ ગાંધી**
MBBS, MS (General Surgery),
DNB (Surgical Gastroenterology), FACRSI
ગેસ્ટ્રો ઇન્ટેસ્ટીનલ સર્જન
(મો) +૯૧-૯૦૯૯૬૫૫૭૫૫
manish.gandhi@cimshospital.org

## સીમ્સ હોસ્પિટલની ન્યુરોલોજી ટીમમાં સમાવિષ્ટ નવા ડોક્ટર્સ



**ડૉ. મંયક પટેલ**
MD (Med), DM (Neuro)
(મો) +૯૧-૯૮૨૫૦ ૨૦૭૪૨



**ડૉ. પરીન્દ્ર દેસાઈ**
MD (Med), DM (Neuro)
(મો) +૯૧-૯૮૨૫૦ ૩૧૬૭૨



**ડૉ. શાલિન શાહ**
MD (Med), DM (Neuro)
(મો) +૯૧-૯૮૨૫૪ ૬૫૦૬૭



**ડૉ. પ્રણવ જોશી**
MD (Med), DNB (Neuro)
(મો) +૯૧-૯૯૨૫૨ ૩૨૯૧૬

**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો +૯૧-૯૮૨૫૦૬૬૬૬૧, +૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮**

# સીમ્સ હેલ્થ ચેકઅપ

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices





## સીમ્સ રજૂ કરે છે આપના માટે ખાસ હેલ્થ ચેકઅપ પ્રોગ્રામ

**જો નીચેનામાંથી કોઇપણ લક્ષણો હોય તો તમારે હેલ્થ ચેકઅપ કરાવવું જરૂરી છે.**

- ૪૦ વર્ષથી વધારે ઉંમર
- મેદસ્વીતા - ભારેખમ શરીર
- તમાકુનું સેવન / ધુમ્રપાન અથવા દારૂનું વ્યસન
- તાણયુકત જીવન પદ્ધતિ
- ડાયાબીટીસ, હાઇ બ્લડ પ્રેશર અને હાર્ટ એટેક જેવી બીમારીનો વારસો હોય
- થોડો શ્રમ કરવાથી પણ થાકી જવાય
- વજન ઓછુ થવું / વજન વધવું
- લાંબા સમયથી અપચો /કબજીયાત હોય
- શરીરના કોઇ પણ ભાગમાં સોજો હોય (સ્તન, પેટ, હાથ-પગ, વગેરે)
- ખાંસીમાં, પેશાબમાં કે જાજરૂમાં લોહી પડતું હોય

Health is Wealth

હેલ્થ ચેકઅપ એપોઇન્ટમેન્ટ માટે ફોન : +91-79-3010 1086/88 ઈમેલ : opd.rec@cimshospital.org

# સીમ્સ હાર્ટ કેર

## ગુજરાતના મેડિકલ ક્ષેત્રમાં અનોખી સિદ્ધી ધરાવતુ સીમ્સ હાર્ટ કેર



## ટુંકાગાળાની અંદર
## 3 સફળ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (ફક્ત સીમ્સ હોસ્પિટલમાં)

**નવી અત્યાધુનિક ટેકનોલોજી TAVR નો ઉપયોગ**

3 દર્દીઓને એઓર્ટિક વાલ્વની બીમારી માટે TAVR (ટ્રાન્સકેથેટર આઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ) મારફ્તે સારવાર આપવામાં આવી છે, **જેના કારણે ગુજરાત રાજ્યમાં તબીબી ક્ષેત્રેની સિધ્ધિનું સર્જન થયું છે,** જેમાં સર્જરી વિના પગની નળી (ફેમોરલ) મારફ્તે હદયમાં નવા વાલ્વનું ઈમ્પ્લાન્ટ કરવામાં આવ્યું તે પણ ઓપન હાર્ટ સર્જરી વિના

જે દર્દીઓ હદયની ગંભીર વાલ્વની બિમારી થી પીડાતા હોય, તે દર્દી ૨ વર્ષ સુધી તેની સારવાર ના કરાવે તો તેની મૃત્યુ થવાની શકયતા ૫૦ ટકા રહેલી છે.
આશરે ૧૫ લાખ (૧.૫ મીલીયન) લોકો જે ગંભીર એઓર્ટીક સ્ટેનોસીસ વાલ્વની બિમારી થી પીડાય છે, તેમાંથી ૫ લાખ દર્દીઓ એવા છે કે જેની સર્જરી થઈ શકે તેવી નથી.

**જે લોકો આ વાલ્વની બીમારી થી પીડાતા હોય તેમના માટે ટ્રાન્સકેથેટર આઓર્ટિક વાલ્વ રિપ્લેશમેન્ટએ એક નવી અત્યાધુનિક ટેકનોલોજીનું અવતારણ થયુ છે જે લોકો માટે શ્રેષ્ઠ વિકલ્પરૂપ છે.**

એપોઈન્ટમેન્ટ માટે ફોન : **+91-79-3010 2235** | ઈમેલ : **opd.rec@cimshospital.org**

# સીમ્સ વુમન અને ચાઈલ્ડ

## સીમ્સ આઈ.વી.એફ (IVF)

ગુજરાતની વિશાળ ઓબ્સ્ટેટ્રિક્સ અને ગાયનેક ટીમમાંની એક




**સીમ્સ આઈ.વી.એફ (IVF)**
**નિ:શુલ્ક કન્સલટેશન**

**ઓગસ્ટ ૩૧, ૨૦૧૭ સુધી**

એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો
+૯૧-૭૯-૩૦૧૦૨૨૩૫

આપનું નામ અને ફોન નંબર નીચે આપેલ નંબર પર મોકલશો.
**+91-9099 509 599**
અમારી ટીમના સભ્ય આપની સાથે સંપર્ક કરશે
સવારે ૮:૦૦ થી સાંજના ૮:૦૦ સુધી

### ઈનફર્ટિલિટી માટેની સેવાઓ

- સહાયક ગર્ભધારણ-ઈન્ટ્રાયુટેરાઈન ઈન્સેમીનેશન (IUI)
  આઇ.વી.એફ (IVF) (ટેસ્ટ ટ્યુબ બેબી) અને
  ઈન્ટ્રાસાઈટોપ્લાસ્મિક સ્પર્મ ઈન્જેકશન (ICSI)
- પુરૂષ અને સ્ત્રી વંધ્યત્વની સારવાર
- સ્પર્મ, એમ્બ્રિયો અને એગ્સ / ઓવમનું ક્રાયોપ્રિઝર્વેશન
- ફ્રોઝન, એમ્બ્રિયો ટ્રાન્સફર
- આસિસ્ટેડ હેચિંગ

# સીમ્સ કેન્સર સેન્ટર










**બે રેડિઓથેરાપી મશીન્સ**
ફર્સ્ટ વર્સા એચડી લિનીઅર એસેલરેટર
એજીલીટી - હાઈ ફોકસ ૧૬૦ લિફ એમએલસી
વિશેષ કિમોથેરાપી યુનિટ

મોં અને ગળાનું કેન્સર | થાયરોઈડ અને પેરોટીડ ટ્યુમર્સ
સ્તન કેન્સર | આંતરડાનું કેન્સર
અન્નનળી (ફૂડ પાઈપ) અને પેટનું કેન્સર
ગાયનેક કેન્સર (ગર્ભાશય અને ગર્ભાશયના મુખનું)

**૨૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતી**
**સીમ્સ કેન્સર સર્જરી ટીમ**

CIMS KHAMBATTA LINAC CENTRE
AREEZ KHAMBATTA BENEVOLENT TRUST

**આર્થિક રીતે નબળા દર્દીઓ માટે ઓછા દરે રેડિએશન ટ્રીટમેન્ટ સીમ્સ ખંભાતા લિનેક સેન્ટરમાં આપવામાં આવશે જે અરીઝ ખંભાતા બેનેવેલેન્ટ ટ્રસ્ટની પહેલ છે.**

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૦.
ફોન : +91-79-2771 2771-72, ફેકસ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

ભારતમાં એકમાત્ર એવી હોસ્પિટલ કે જે નીચે દર્શાવેલ માન્યતાઓ ધરાવે છે
JCI (USA) NABH NABL ACC GreenOT

CIMS Application Available On :

**24 x 7 હેલ્પલાઈન : +91-90 99 50 95 99 | એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2016-2018 issued by SSP Ahmedabad valid upto 31st December, 2018
Licence to Post Without Prepayment No. CPMG/GJ/101/2016-2018 valid upto 31st December, 2018


**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,
Off Science City Road, Sola, Ahmedabad-380060.
Ph. : +91-79-2771 2771-72
Fax: +91-79-2771 2770
Mobile : +91-98250 66664, 98250 66668

**‘મારૂ હૃદય’ નો અંક મેળવવા અંગે :** જો તમારે ‘મારૂ હૃદય’ નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી ‘સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.’ ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, “મારૂ હૃદય” ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૫૯/૧૦૬૦


# સીમ્સ એક્સપ્રેસ

## ઉત્તમ સેવાઓ માટે તે જ દિવસે એપોઇન્ટમેન્ટ



### શું તમારે આજે જ એપોઇન્ટમેન્ટ જોઇએ છે?

સીમ્સમાં, અમે ડોક્ટર* ની એ જ દિવસની એપોઇન્ટમેન્ટની ખાત્રી આપીએ છીએ.
જો તમારે એ જ દિવસની એપોઇન્ટમેન્ટ જોઇતી હોય બપોરે ૧૨ વાગ્યા પહેલા ફોન કરો (સોમવાર થી શુક્રવાર) અથવા જો તમે બપોરે ૧૨ વાગ્યા પછી ફોન કરશો તો તમને બીજા દિવસની એપોઇન્ટમેન્ટ મળશે

+૯૧-૯૮૨૫૦૬૬૬૬૧
+૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮

*જે તે સ્પેશ્યાલીટીની ટીમમાંથી હાજર હશે તે ડૉક્ટર એ દિવસે તપાસશે.
શનિવારે અને રવિવારની એપોઇન્ટમેન્ટ નહી મળે.

*શરતો લાગુ

એપોઈન્ટમેન્ટ માટે ફોન : +91-79-3010 1008 | ઈમેલ : opd.rec@cimshospital.org

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા,
અમદાવાદ - ૩૮૦૦૬૦.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

ભારતમાં એકમાત્ર એવી હૉસ્પિટલ કે જે નીચે દર્શાવેલ માન્યતાઓ ધરાવે છે
JCI (USA) NABH NABL ACC cGreen OT

CIMS Application Available On :

**24 x 7 હેલ્પલાઈન : +91-90 99 50 95 99 | એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**


તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ,
ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને
સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.